વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ખાદ્યતેલ વેચાણમાં ખાદ્યતેલ સહાય યોજનામાં થનાર ખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૧૨૦૧૮/૫૬૮૯/ક
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪, સરદારભવન,પાંચમો માળ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૪/૨૦૧૯

ઠરાવઃ-

વર્ષ ૨૦૧૯-૨૦માં ખાદ્યતેલના ભાવ સ્થિર રહેશે એવા અંદાજને લઇને વર્ષ ૨૦૧૯-૨૦માં ખાદ્યતેલ વેચાણમાં ખાદ્યતેલ સહાય યોજના હેઠળ જન્માષ્ટમી તથા દિવાળીના તહેવારોના બે માસ માટે એએવાય અને બીપીએલ રેશનકાર્ડ ધારકોને રાહત ભાવે ખાદ્યતેલનું વિતરણ કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં રૂ. ૨૬૦૦.૦૦/- લાખ (અંકે રૂપિયા છવ્વીસ કરોડ પૂરા)ની જોગવાઇ કરવામાં આવેલ છે.

ખાદ્યતેલ વેચાણમાં ખાદ્યતેલ સહાય યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રની જોગવાઇ મુજબના રૂ. ૨૬૦૦.૦૦/- લાખ (અંકે રૂપિયા છવ્વીસ કરોડ પૂરા) ખર્ચ કરવા માટે નિયામકશ્રી, અ.ના.પુ.કચેરીને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
૩. આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
૪. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫૧૪૦૫-ચ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. જે હેતુઓ માટે જેટલી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે. આ અંગે કોઇ પણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરવાના રહેશે નહી તેમજ રાજ્ય સરકાર પર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઇ ખર્ચ કરવાનો રહેશે નહી.

૧૧. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦ઝ્૧, તા.૨૦/૦૬/૯૪ના ઠરાવ ક્રમાંક ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ-૧ તથા તા.૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ-૧ અનુસારની તેમજ વખતોવખતની સૂચનાઓની ચુસ્તપણે પાલન કરવાની રહેશે.

૧૨. કામગીરી/હાથ ધરવાની પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએથી મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૩. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૪. સદરહુ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડીઝાઇનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણા અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

૧૫. ઉક્ત યોજના માટે અગાઉની શરતો પણ યથાવત રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંકઃ- ૨૨

મુખ્ય સદરઃ- ૩૪૫૬-નાગરિક પુરવઠો

ગૌણ મુખ્ય સદરઃ- ૦૦

ગૌણ સદરઃ- ૧૯૦-જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય

પેટા સદરઃ- ૦૨- ખાધ્યતેલ વેચાણમાં ખાધ્યતેલ સહાય યોજના

સદર ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧/૦૪/૨૦૧૯ ની અનુમતિ અન્વયે આ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભગવતી દવે)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

નકલ સવિનય રવાનાઃ-

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર
(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ.
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) અગ્રસચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) નાણા સલાહકારશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, બ્લોક નં ૫, ત્રીજો માળ, સરદારભવન, ગાંધીનગર.
(૮) નાણાં વિભાગ ક-શાખા સચિવાલય, ગાંધીનગર
(૯) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, બ્લોક નં ૧૮. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૧) ઉપસચિવશ્રી, બજેટ શાખા, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૩) સિલેકટ ફાઈલ.